# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

SGCCI

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2026-27/22 Dt. 29/06/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર ઓફ કોમર્સ અને મુંબઈ સ્થિત નાણાવટી મેક્સ હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે 'કેન્સર કેર બિયોન્ડ ટ્રીટમેન્ટઃ જાગૃતિ, વહેલું નિદાન અને ગુણવત્તાસભર જીવન' અંગે અવેરનેસ સેશન યોજાયું

### આપણા દેશમાં ૭૦% કેન્સરના દર્દીઓનું નિદાન ત્રીજા કે ચોથા સ્ટેજમાં થાય છે, જેના કારણે સારવાર અધરી બને છેઃ ચેમ્બર પ્રમુખ અશોક જીરાવાલા

### ગુજરાતમાં ઓરલ કેન્સરના કેસોની સંખ્યા સૌથી વધુ છેઃ ડો. દેવેન્દ્ર ચૌકર

### પ્લાસ્ટિક અને રિકન્સ્ટ્રક્ટિવ સર્જરી કેન્સર સારવારનો અભિન્ન ભાગ છેઃ ડો. ભરત સક્સેના

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને મુંબઈ સ્થિત નાણાવટી મેક્સ હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે રવિવારે, તા. ૨૮ જૂન ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે, સમૃદ્ધિ બિલ્ડીંગ, નાનપુરા, સુરત ખાતે 'કેન્સર કેર બિયોન્ડ ટ્રીટમેન્ટઃ જાગૃતિ, વહેલું નિદાન અને ગુણવત્તાસભર જીવન' અંગે અવેરનેસ સેશન યોજાયું હતું. જેમાં ગળાના ઓન્કો સર્જન ડો. દેવેન્દ્ર ચૌકરે ગળાના કેન્સર વિશે તેમજ પ્લાસ્ટિક અને રિકન્સ્ટ્રકટીવ સર્જન ડો. ભરત સક્સેનાએ કેન્સર કેરમાં પ્લાસ્ટિક સર્જરીની ભૂમિકા વિશે સમજ આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, 'રિપોર્ટ્સ અનુસાર, ભારતમાં દર વર્ષે કેન્સરના કેસ ઝડપથી વધી રહ્યા છે અને દર વર્ષે ૧૫ લાખથી વધુ નવા કેસ નોંધાય રહ્યા છે. સૌથી દુઃખદ વાત એ છે કે, આપણા દેશમાં ૭૦% દર્દીઓનું નિદાન ખૂબ મોડું (ત્રીજા કે ચોથા સ્ટેજમાં) થાય છે, જેના કારણે સારવાર અધરી બને છે. પુરુષોમાં પ્રોસ્ટેટ અને ગળાનો કેન્સર અને મહિલાઓમાં બ્રેસ્ટ કે

ગર્ભાશયનું કેન્સર સૌથી વધુ જોવા મળી રહ્યું છે. આ આંકડા આપણને ડરાવવા માટે નથી, પણ જગાડવા માટે છે. કેન્સર જો વહેલા સ્ટેજમાં પકડાઈ જાય, તો તે ૧૦૦% મટી શકે છે.'

**ગુજરાતમાં ઓરલ કેન્સરના કેસોની સંખ્યા સૌથી વધુ છેઃ ડો. દેવેન્દ્ર ચૌકર**

ગળાના ઓન્કો સર્જન ડો. દેવેન્દ્ર ચૌકરે જણાવ્યું હતું કે, 'ગળાના અથવા મોઢાના કેન્સરના દર્દીઓમાં લક્ષણો વહેલા દેખાય છે છતાં ૭૦% મોઢાના કેન્સરના દર્દીઓ ત્રીજા અથવા ચોથા સ્ટેજમાં કેન્સર પહોંચી જાય. ત્યારે સારવાર માટે આવે છે. ભારતમાં કુલ કેન્સરના દર્દીઓમાંથી ૩૦% દર્દીઓ ગળાના કેન્સરના હોય છે, જ્યારે ગુજરાતમાં ઓરલ કેન્સરના કેસોની સંખ્યા સૌથી વધુ છે. માત્ર તમાકુ ખાવાથી જ કેન્સર થાય છે એવું નથી પણ સુપારી ખાવાથી, સિગારેટ અને ઈ-સિગારેટના સેવનથી પણ કેન્સર થાય છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, 'કોઈપણ વ્યક્તિએ મોઢામાં અથવા જીભ પર ઘા થયો હોય જે બે થી ત્રણ અઠવાડિયા સુધી રૂઝાય નહીં, ગળામાં સતત દુખાવો અથવા બળતરા થતા હોય, અવાજમાં ફેરફાર અથવા સતત કર્કશ અવાજ (Hoarseness) થયો હોય, ગળવામાં તકલીફ અથવા ખોરાક ગળતી વખતે દુખાવો થાય, ગરદનમાં ગાંઠ અથવા સોજો આવી જાય. જે લાંબા સમય સુધી રહે તેમજ મોઢામાં સફેદ અથવા લાલ ચકામા થાય અને વજનમાં અચાનક ઘટાડો અને ભૂખમાં ઘટાડો થયો હોય જેવા લક્ષણો દેખાય તો વહેલી તકે ડોકટરનો સંપર્ક કરવો હિતાવહ રહે છે.'

**કેન્સરની સારવાર માત્ર જીવ બચાવવા માટે જ નહીં, પરંતુ દર્દીને ફરી આત્મવિશ્વાસ સાથે સામાન્ય જીવન જીવવા માટે પણ છેઃ ડો. ભરત સક્સેના**

પ્લાસ્ટિક અને રિકન્સ્ટ્રક્ટીવ સર્જન ડો. ભરત સક્સેનાએ જણાવ્યું હતું કે, 'કેન્સરની સારવાર માત્ર જીવ બચાવવા માટે જ નહીં, પરંતુ દર્દીને ફરી આત્મવિશ્વાસ સાથે સામાન્ય જીવન જીવવા માટે પણ છે. પ્લાસ્ટિક અને રિકન્સ્ટ્રક્ટિવ સર્જરી કેન્સર સારવારનો અભિન્ન ભાગ છે, જે દર્દીના દેખાવ, કાર્યક્ષમતા અને જીવનની ગુણવત્તા સુધારવામાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે. મોઢા અથવા ગળાના કેન્સર સર્જરી પછી બોલવામાં, ગળવામાં અથવા ચાવવામાં તકલીફ થઈ શકે છે. રિકન્સ્ટ્રક્ટિવ સર્જરી આ કાર્યક્ષમતાને સુધારવામાં મદદ કરે છે. મોટી સર્જરી પછી ત્વચા અથવા શરીરના અન્ય ભાગમાંથી ટિશ્યૂ લઈને ઘા બંધ કરવામાં આવે છે, જેથી ચેપનું જોખમ ઘટે અને ઘા ઝડપથી રૂઝાય.'

તેમણે વધુમાં પ્લાસ્ટિક સર્જરીના વિવિધ પ્રકારો વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે, 'સ્કિન ગ્રાફ્ટ (Skin Graft): શરીરના એક ભાગની ત્વચા બીજા ભાગમાં મૂકવામાં આવે છે. ફ્લેપ સર્જરી (Flap Surgery): ત્વચા, ચરબી, સ્નાયુ અથવા હાડકાનો ભાગ તેની રક્તવાહિનીઓ સાથે ખસેડીને પુનઃનિર્માણ કરવામાં આવે છે. માઇક્રોવાસ્ક્યુલર સર્જરી (Microvascular Surgery): સૂક્ષ્મ રક્તવાહિનીઓને જોડીને જટિલ પુનઃનિર્માણ કરવામાં આવે છે.'

આ સેશનમાં ચેમ્બરના તત્કાલીન પૂર્વ પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી, માનદ્ મંત્રી શ્રી પરેશ લાઠિયા, માનદ્ ખજાનચી શ્રી અતુલ પટેલ, ગ્રૃપ ચેરમેન ડો.પારૂલ વડગામા તેમજ શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા. ચેમ્બરની પબ્લિક હેલ્થ કમિટીના ચેરમેન ડો.જગદીશ વઘાસિયાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. અંતે સેશનના વક્તાશ્રીઓએ ઉપસ્થિતોને મૂંઝવતા પ્રશ્નોના સંતોષકારક જવાબો આપ્યા હતા. કમિટીના કો-ચેરમેન ડો.રાજન દેસાઈએ સમગ્ર સેશનનું સંચાલન કર્યું હતું તેમજ ઉપસ્થિત સર્વેનો આભાર માની, સેશનનું સમાપન કર્યું હતું.